# કૌન ગલી ગયો શ્યામ

વર્ષા અડાલજા

રાતનો સમય છે. ઝળાંહળાં પ્રાંગણમાં લોકો શ્વાસોચ્છ્વાસની જેમ અડોઅડ ભીંસાઈને બેઠા છે. તલપૂર જગ્યા નથી. છતાં છે નિશ્ચલ શાંતિ. અનેક આંખો આતુરતાથી સામેનું દૃશ્ય જોઈ રહી છે. નૃત્યાંગના એક પંક્તિ સુમધુર રીતે ગાય છે : કૌન ગલી ગયો શ્યામ...

રાધાએ અધીરતાથી, પ્રતીક્ષા કરી પણ એના હૃદયસિંહાસનનો રાજાધિરાજ આવ્યો નહીં. રૂંવે રૂંવે ઝંખના જાગી. આકુળવ્યાકુળ થઈ ગઈ. જો જગતનો નાથ જ વાયદો ન નિભાવે તો કોને રાવ કરવી ! દિવસ ઢળવા આવ્યો છે અને અભિસારિકાની જેમ રાત રૂમઝૂમ પગલે આવી રહી છે. પ્રિયતમનાં દર્શન વિના રાત શેં વીતશે ! હવે તો મારે જ એને શોધવા નીકળવું પડશે. ઉઘાડા કમાડ છોડી વિહ્વળ રાધા નીકળી પડે છે એના પ્રિયતમની શોધમાં. શેરીમાં જે મળે છે તેને ઘેલી થઈ પૂછે છે : કૌન ગલી ગયો શ્યામ ?

નૃત્યાંગના ભાવવાદી સ્વરે રાધાની વિહ્વળતા, એનાં પ્રિયતમની શોધનું વર્ણન કરી, માત્ર થોડા જ શબ્દોમાં અને એવું ભાવવિશ્વ ઊભું કરે છે કે રાધાનાં આંસુની ભીનાશ સૌની આંખોમાં ઊતરી આવે છે.

છે તો એક જ પંક્તિ પણ નૃત્યાંગના એક જ સ્થળે ઊભા રહી માત્ર આંખ અને ચહેરાના ભાવથી એ એક જ પંક્તિના અલગ અલગ ભાવ પ્રગટ કરે છે. મારા સારા નસીબે, મારી બાજુમાં જ તખ્તાને તાદૃશ્ય કરતો મોટો સ્ક્રીન હતો અને નૃત્યાંગનાનો ચહેરો મારી સાવ સામે જ હતો. રાધા પૂછે છે કોઈને, મારો શ્યામ ક્યાં ગયો ? તમે જોયો ? બીજી જ ક્ષણે ચહેરાનો ભાવ બદલાય છે, ક્રોધથી પૂછે છે, કૌન ગલી ગયો શ્યામ ? આંખના ઉલાળથી એ કટાક્ષમાં કહે છે : જાણું છું કૌન ગલી ગયો શ્યામ... કેટકેટલી ભાવભંગીઓ !

નૃત્યાંગના છે કથકનૃત્યશૈલીનાં સુપ્રસિદ્ધ કલાકાર ઉમા શર્મા. પ્રસંગ છે મોરારી બાપુની ઉપસ્થિતિમાં મહુવામાં અસ્મિતાપર્વનો. રાત રેશમી વસ્ત્રની જેમ સરકી રહી છે અને સહુ તન્મય છે રાધા સાથે, જાણે સૌ અધીર છે, કૌન ગલી ગયો શ્યામ.

આ કલાનો જાદુ છે, દાણા મંતરી જાણે છે, ફેંકીને વશમાં કરી લે છે પ્રેક્ષકને. પછી કલાકારના પાત્રનાં સુખદુઃખ તે પ્રેક્ષકનાં આગવાં. પરફોર્મિંગ આર્ટ્સ, ભજવણીની કલાનાં વશીકરણ મંત્રથી સૌ ક્યારેક ને ક્યારેક તો અભિભૂત થયા જ હોય. પછી એ નાટક હોય કે નૃત્ય.

એક વાક્ય, એક પંક્તિ જુદા જુદા ભાવ સાથે, આરોહઅવરોહ અને શબ્દભાર સાથે બોલાય ત્યારે એક જ કૂંચીથી કેટકેટલા ભાવવિશ્વનાં કમાડ ખૂલે છે ! ડ્રામૅટિક્સના અમારા વર્ગમાં જ્યોતીન્દ્ર દવે રસનિષ્પત્તિ પર અત્યંત રસાળ રમૂજની છાંટવાળું પ્રવચન આપે, અમારા નાટ્યગુરુ પરીક્ષા લે, એક સાદુંસીધું વાક્ય નવેય રસમાં બોલવાનું. ઉપરથી ચૅલેન્જ આપે હજી કોઈ સંવાદકળા સાધ્ય હોય તો એમાં પણ બોલી બતાવો.

સી. સી. મહેતાએ એક સરસ દાખલો નોંધ્યો છે. એક જ સપ્તાહમાં બે નાટ્યસંસ્થાનાં, બે અલગ થિયેટરમાં 'મરચન્ટ ઑફ વેનિસ' જોયું. બંનેના દિગ્દર્શક, અભિનેતા અલગ. એક નાટકમાં શાયલોકની ભૂમિકા ભજવાતી જોઈને સખત તિરસ્કારનો ભાવ જાગ્યો અને બીજા નાટકમાં એ જ શાયલોકની ભૂમિકા નટે એવી ભજવી કે યહૂદીઓ પ્રત્યે સમભાવ પેદા થયો.

પણ આપણે તો રહ્યા શબ્દના બંદા. શબદમેં જિનકુ ખબરાં પડી. અખાએ જેને બાવનબહારો કહ્યો તે પકડી લઈ, પ્રયોજવાનો અને પ્રત્યક્ષ કરવાનો. સાચ્ચે જ ગોથાં ખાઈ જવાય એવું અઘરું કામ. અઘરું તે અઘરું સંકુલ પણ કેવું ! નાટક કે નૃત્યની જેમ સામે ન પ્રેક્ષક કે શ્રોતા. એકાંતમાં લખો. તમે જ લેખક, દિગ્દર્શક અને કોરીયોગ્રાફર. તમે લખેલી ઘટના–દૃશ્ય–સંવાદો – મનમાં બોલતા જાઓ, કલ્પનામાં દૃશ્ય ભજવતા જાઓ, આજુબાજુનો સંનિવેશ, સ્થળ સમયને પણ કથામાં ગૂંથતા જાઓ. (એટલે સેટિંગ્સ બાય સર્જક પોતે એવું પણ ખરું ને !)

આ બધી ભૂમિકાઓ એકત્ર થઈ સર્જકમાં સમાય, ઘૂંટાય ત્યારે એક કૃતિનું સર્જન થાય. એ પુસ્તક રૂપે પ્રગટ થાય. બસ, પછી સર્જક અને સર્જન છુટ્ટા પડે. લેખક એની કૃતિને ભૂંગળીમાં મૂકી દરિયામાં તરતી મૂકી દે છે. કયા મોજાને હિલોળે કયા દેશના રસિકજનના હાથમાં આવી ચડશે, કોણ એમાના ગોપિત કથનની લિપિ ઉકેલશે તેની કોને ખબર ! તે ઘટના આજે બનશે કે કાળના પ્રલંબ પટ પરના કોઈ સમયબિંદુ પર એ ઘટનાનો વિસ્ફોટ થશે તે બધું ભગવાનને ભરોસે. વર્ષો પછી આષાઢસ્ય પ્રથમ દિવસે મેઘધારામાં ભીંજાઈને કોઈ રસિકજન ઝૂમી ઊઠશે. તેની પ્રિયતમાને મેઘસંદેશને બદલે મોબાઇલ સંદેશ આપશે તેની કાલિદાસને કલ્પના પણ ન હોય, તમા પણ ન હોય. સર્જક એના નિજાનંદમાં હોય. મીરાંએ તો કૃષ્ણમય બની ગાયું... એરી મૈં તો પ્રેમદીવાની. પછી કોઈને એવી જ પ્રેમકટારી વાગે છે કે નહીં તેની એને શી તમા હોય !

હજી થોડાં વર્ષો પહેલાં કથાનો શબ્દ છપાયેલો નહીં, બોલાયેલો હતો. રાત્રે સૌ કામથી પરવારી ચોકમાં ભેગાં થાય ને કથાકાર કથા માંડે. એની સર્જકતાયે કેવી બડકમદાર, કેવી કલ્પનાની આકાશને આંબતી ફાળ કે ધૂળની ઢગલી જેવા નાના ગામનાં લોકને જાદુઈ શેતરંજી પર બેસાડી દૂર દૂરના દેશમાં લઈ જાય. એટલે જ વાર્તા મૂળમાં તો કથા. એ કહેવાની, કથવાની ચીજ છે. એટલે જ તો એ કથાકાર કહેવાતો. છપાયેલો નહીં તો બોલાયેલો શબ્દ. એ શબ્દે કેવાં કેવાં જબરાં કામ કર્યાં છે ! લોકોને નિર્ભેળ

આનંદ આપ્યો છે તો કોઠાડાહી માની જેમ નીતિબોધના પાઠ શીખવ્યા છે. જીવનના હર મોડને, હર પ્રસંગને, હર ભાવને અનુરૂપ કાવ્યો, કૃતિઓ આપ્યાં છે.

શબ્દને બ્રહ્મ તે વળી અમથો કહ્યો છે. ફરી મૂળ વાત કરીયે તો હવે કથાકાર ક્યાં ? ને માણભટ્ટો પણ તેજીથી ધસમસતા કાળપ્રવાહે ક્યાં ફંગોળી દીધા ! સમાજે પડખું ફર્યું. સમય બદલાયો. રીતરસમો બદલાઈ; પણ માનવહૈયું તો એ જ રહ્યું. એનાં સુખદુ:ખ પ્રેમવિરહ, કરુણાઈર્ષ્યાનાં દ્વન્દ્વો અજરઅમર. શબ્દબ્રહ્મને તો કાળનો ઘસારોય ક્યાંથી લાગે !

હા, સ્વરૂપ થોડું બદલાયું. બોલાતો શબ્દ છપાતો થયો અને વાચકો અદૃશ્ય થયા. સામસામે બેસીને શ્રોતાઓ હોંકારો ભણતા, તેથી કૃતિનાં રૂપરંગ બદલાતાં રહેતાં. પણ it was a Live Performance. તરત દાન અને પુણ્ય ખાતે જમા. પણ હવે મારી આજે લખાયેલી વાર્તા કાલે જ કોઈ વાંચશે કે દસ વર્ષ પછી, પંચાયતની લાઇબ્રેરીમાંથી ખખડી ગયેલી હાલતનું પુસ્તક વાંચી ધંધુકાનો, રસ્તામાં સાઇકલ રીપેર કરનારો, જેમતેમ થોડું ભણેલો એક સામાન્ય ગરીબજન, વાંકાચૂકા અક્ષરે પોસ્ટકાર્ડ લખી હરખ પ્રગટ કરશે એની મને ખબર નથી. (ખરેખર મને એ પત્ર મળ્યો ત્યારે મને પણ એક એવૉર્ડ મળ્યાનો હરખ થયેલો.)

એટલો શબ્દ પવિત્ર છે અને ઈશ્વરની જેમ તેની આરાધના કરવાની છે. કૃતિ પોતે જ હોંકારો ભણે એટલી સશક્ત હશે ત્યારે જ વાચક, કોઈક ખૂણેથી, ક્યારેક હોંકારો ભણશે. પણ ભણશે તે નક્કી. જ્યારે પણ એ વાચકના હૃદયને સ્પર્શશે ત્યારે સંજીવની મંત્રથી જીવતી થશે. એક શબ્દમાં અનેક અર્થચ્છાયાઓ ભળેલી છે. આકાશમાંથી ગંગાનું અવતરણ તો થાય, તે ઝીલવા ભગીરથ હોવો જોઈએ. વાચકે પણ તે સજ્જતા કેળવવાની છે. સામે રહીને નૃત્યાંગના ભાવદર્શક ગાઈ શકવાની નથી, ગાવાનું તો એણે જ છે : કૌન ગલી ગયો શ્યામ.